# Gujarat
# PSI

## Previous Year Paper

### Paper-I

### 13 Apr, 2025

Adda247

Test Prime

ALL EXAMS, ONE SUBSCRIPTION

1,00,000+
Mock Tests

Personalised
Report Card

Unlimited
Re-Attempt

600+
Exam Covered

25,000+ Previous
Year Papers

500%
Refund

ATTEMPT FREE MOCK NOW

Adda247 GET IT ON Google Play

**C**

## Part-A

1. 3, 6, 11, 18, 27, ?

(A) 38
(B) 36
(C) 40
(D) 42

2. જો 30 મહિલાઓ એક કાર્ય 40 દિવસમાં પૂર્ણ કરે છે, તો 50 મહિલાઓ કેટલા દિવસમાં પૂર્ણ કરશે?

(A) 24
(B) 20
(C) 30
(D) 36

3. ◈ ◈ ◈ ◈ ◈ ▣ ▣ ▣ ▣ ◉ ◉ ◘ ?

(A) ◘
(B) ◉
(C) ◈
(D) ▣

4. જો 53 = 20, 64 = 32, 75 = 44, તો 86 = ?

(A) 52
(B) 54
(C) 56
(D) 58

5. ↑→↓←↑→?

(A) ↓
(B) ←
(C) →
(D) ↑

6. 05, 10 અને 15નો લઘુત્તમ સામાન્ય અવયવ (LCM) શું છે?

(A) 50
(B) 40
(C) 30
(D) 60

7. 36, 48 અને 60નો મહત્તમ સામાન્ય અવયવ (HCF) શું છે?

(A) 12
(B) 14
(C) 16
(D) 18

8. $(3/5) \times (10/9) =$

(A) 1/5
(B) 2/5
(C) 1/3
(D) 2/3

9. 2/3 અને 4/9 : કોનું મૂલ્ય વધારે છે?

(A) 2/3
(B) 4/9
(C) બંનેનું મૂલ્ય સમાન છે.
(D) બંનેની તુલના કરી ન શકાય.

Adda247 GET IT ON Google Play

C

10. 0.1234 × 1000 =

(A) 12.34
(B) 123.4
(C) 1234
(D) 1.234

11. બધા સફેદ બગલા પક્ષી હોય તો નીચે પૈકી કયું વિધાન સાચું છે?

(A) બધા પક્ષી સફેદ હોય
(B) કેટલાક પક્ષી સફેદ હોય
(C) બધા સફેદ બગલા હોય
(D) બધા સફેદ પક્ષી હોય

12. 05, 10, 20, 40,?, 160

(A) 60
(B) 80
(C) 90
(D) 120

13. ♣♣♣♣♦♦♦♥♥♠♠♥♥♦♦♦♣♣?

(A) ♣
(B) ♥
(C) ♦
(D) ♠

14. એક વ્યક્તિ દક્ષિણમાં ચ્હેરો કરીને ઊભા છે. પછી તે 90° ડાબી તરફ વળે છે. ત્યારબાદ 180° જમણી તરફ વળે છે. તેમનો ચ્હેરો હવે કઈ દિશામાં છે?

(A) ઉત્તર
(B) દક્ષિણ
(C) પૂર્વ
(D) પશ્ચિમ

15. જો WATER = XBUFS, તો PLANT = ?

(A) QMBNU
(B) QMBUN
(C) QMBOU
(D) QMBUO

16. (72/8)+(6×3)-5 = ?

(A) 19
(B) 20
(C) 21
(D) 22

17. 15+{(24/8)×6} = ?

(A) 33
(B) 30
(C) 27
(D) 36

18. વર્તુળનું ક્ષેત્રફળ માપવાનું સૂત્ર શું છે?

(A) $2\pi r^2$
(B) $\pi r^2$
(C) $\pi d^2$
(D) $\pi r^3$

Adda247 GET IT ON Google Play

**C**

19. (π)નું મૂલ્ય શું છે?

(A) 3.13 (B) 3.12

(C) 3.15 (D) 3.14

20. A = ½ × b × h સૂત્ર વડે કોનું ક્ષેત્રફળ માપી શકાય?

(A) વર્તુળ (B) ચોરસ

(C) ત્રિકોણ (D) લંબચોરસ

21. જો 343 = 07, 512 = 08, તો 1331 = ?

(A) 09 (B) 10

(C) 11 (D) 12

22. જો ROSE = 57, LILY = 58, JASMINE = 71, તો TULIP = ?

(A) 68 (B) 78

(C) 71 (D) 61

23. A, C, F, J, O, ?

(A) R (B) S

(C) T (D) U

24. જો CERTAIN = 8465391, DEAL = 1247, તો TRAIN = ?

(A) 57491 (B) 56391

(C) 65491 (D) 65193

25. *##×∴**####×?

(A) # (B) *

(C) × (D) ∴

26. કુલ 7 સંખ્યાઓની સરેરાશ 42 છે. એમનો સરવાળો કેટલો થશે?

(A) 280 (B) 300

(C) 290 (D) 294

27. એક વર્ગમાં 15 વર્ષની ઉંમરના 40 વિદ્યાર્થીઓ છે. 15 વર્ષની ઉંમરના નવા 05 વિદ્યાર્થીઓ જોડાયા. વર્ગ... સરેરાશ ઉંમર કેટલી થશે?

(A) 13.5 (B) 15

(C) 17.5 (D) 12

28. 4 વર્ષ માટે 7% લેખે સાદું વ્યાજ ₹ 1120 થયું. મૂળ રકમ કેટલી હશે?
(A) ₹ 4000
(B) ₹ 3500
(C) ₹ 4500
(D) ₹ 5000

29. ₹ 10000 પર 2 વર્ષ માટે 10% લેખે ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું થશે?
(A) ₹ 2000
(B) ₹ 2200
(C) ₹ 2100
(D) ₹ 2310

30. ₹ 5000 પર 2 વર્ષ માટે 5% લેખે ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું થશે?
(A) ₹ 511.50
(B) ₹ 512.50
(C) ₹ 515.50
(D) ₹ 513.50

31. જો SHINE = 60, GLOW = 61, SPARK = 70, તો COLOUR = ?
(A) 71
(B) 75
(C) 80
(D) 90

32. ●●○●●●○●●●●●○?
(A) ●●●●●●
(B) ●●●●●
(C) ●●●●
(D) ●●●

33. એક વ્યક્તિ ઉત્તરમાં ચહેરો રાખીને ઊભા છે. તે 45° જમણી તરફ ફરે છે. પછી 180° ડાબી તરફ ફરે છે અને ત્યારબાદ 90° જમણી તરફ ફરે છે. તો હવે તેમનો ચહેરો કઈ દિશામાં હશે?
(A) ઉત્તર-પૂર્વ
(B) દક્ષિણ-પશ્ચિમ
(C) ઉત્તર-પશ્ચિમ
(D) દક્ષિણ-પૂર્વ

34. જો AB = 4, BC = 8, CD = 16, તો DE = ?
(A) 24
(B) 40
(C) 32
(D) 48

35. એક ચોરસ કાગળને વચ્ચેથી વાળીએ. અડધો થાય પછી ફરીથી એક વખત વાળીએ. પછી કાગળની એ જ સ્થિતિમાં વચ્ચે એક છિદ્ર કરીએ અને ત્યારબાદ કાગળ ખોલીએ તો કેટલાં છિદ્રો થયાં હશે?
(A) 8
(B) 4
(C) 2
(D) 6

36. $\sqrt{16} + \sqrt{36} =$
(A) 16
(B) 14
(C) 12
(D) 10

Adda247
GET IT ON Google Play



37. $\sqrt[3]{12167} \times \sqrt{841} =$

(A) 665
(B) 666
(C) 667
(D) 668

38. $\sqrt[3]{4913} =$

(A) 17
(B) 16
(C) 15
(D) 14

39. X + Y = 10 અને X – Y = 4, તો Xનું મૂલ્ય શું છે?

(A) 06
(B) 07
(C) 08
(D) 09

40. A કરતા B લાંબું છે પણ C કરતા ટૂંકું છે. D, A કરતા ટૂંકું છે પણ B કરતા લાંબું છે. આ ચારેમાં સૌથી ટૂંકું કોણ છે?

(A) D
(B) C
(C) B
(D) A

41. જો TRUNK = 2018211411, તો SMILE = ?

(A) 19911325
(B) 19139125
(C) 19125139
(D) 19259113

42. I. સ્ટોક માર્કેટમાં ભારે ઘટાડો નોંધાયો છે.

II. રોકાણકારોએ પૈસા પાછા ખેંચી લીધા છે.

(A) નિવેદન I. નિવેદન II.નું પરિણામ છે.
(B) નિવેદન II. નિવેદન I.નું પરિણામ છે.
(C) બંને એકબીજાં સાથે સંબંધિત નથી.
(D) ઉપર પૈકી એક પણ સાચું નથી.

Adda247

Adda247 GET IT ON Google Play



43. ↙▼↘▲↘▼↙▲↙▼↘▲↘▼?

(A) ↙
(B) ↘
(C) ▼
(D) ▲

44.

| | | |
|---|---|---|
| 8→ | 72→ | →648 |
| 9→ | ? | →729 |

(A) 7
(B) 6
(C) 9
(D) 81

45. જો 27 → 3, 64 → 4, 125 → 5, તો 216 → ?

(A) 7
(B) 8
(C) 6
(D) 9

46. જો ભારત (IST)માં બપોરના બાર વાગ્યા હોય, તો એ જ સમયે લંડનમાં (GMT) અને ટોક્યોમાં (JST) કેટલા વાગ્યા હશે?

(A) 6.30 pm (GMT), 3.00 pm (JST)
(B) 6.30 am (GMT), 3.30 pm (JST)
(C) 5.30 am (GMT), 3.00 am (JST)
(D) 5.30 pm (GMT), 3.30 am (JST)

Adda247

47. 1 પાઉન્ડ = ? કિલોગ્રામ

(A) 0.453589
(B) 0.453590
(C) 0.453591
(D) 0.453592

48. 1 કિલોમીટર = ? માઇલ

(A) 0.621369
(B) 0.621370
(C) 0.621371
(D) 0.621372

49. ઓરડાની ચાર દિવાલોના ખૂણા કેટલા અંશે (Degree) હોય છે?

(A) 45°
(B) 90°
(C) 60°
(D) 120°

Adda247
GET IT ON Google Play

**C**

50. 4(X–3) = 2(X+6), તો Xનું મૂલ્ય શું છે?

(A) 06 (B) 08

(C) 10 (D) 12


51. છ મિત્રો : A, B, C, D, E, F : વર્તુળ આકારે એકસરખાં અંતરે બેઠા છે. A, B અને Dની વચ્ચે છે. C, Dની ડાબી તરફ છે. E, C અને Fની વચ્ચે છે. તો, Aની સામે કોણ બેઠું છે?

(A) F

(B) D

(C) E

(D) B



52. 121, 144, 169, 196, ?

(A) 289

(B) 216

(C) 256

(D) 225

53. ⏮ ▼ ⏭ ⏭ ▲ ▲ ⏮ ⏮ ⏮ ▼ ▼ ?

(A) ▲ (B) ⏭

(C) ⏮ (D) ▼


54. A, B, C, D, E એક હરોળમાં ઊભા છે. Bએ Aની જમણી તરફ છે અને Cની ડાબી તરફ છે. Dએ Cની જમણી તરફ છે અને Eની ડાબી તરફ છે. તો મધ્યમાં કોણ ઊભું છે?

(A) C

(B) E

(C) D

(D) A




55. કેટલાક વિદ્વાનો લેખક છે. કેટલાક લેખકો કવિ છે. કયું તારણ સાચું છે?

(A) બધા કવિ વિદ્વાન છે.

(B) બધા વિદ્વાનો કવિ છે.

(C) બધા લેખકો કવિ છે.

(D) ઉપર પૈકી એક પણ નહીં



Adda247
GET IT ON Google Play



56. એક વાહન 60 કિમી/કલાક ગતિએ ચાલે છે. 150 કિમી અંતર કેટલા સમયમાં કાપશે?

(A) 2.5 કલાક

(B) 3 કલાક

(C) 3.5 કલાક

(D) 2 કલાક

57. એક વ્યક્તિ 50 મિનિટમાં 4500 મીટર ચાલે છે. તેની ગતિ કેટલી છે?

(A) 2.5 મીટર / સેકંડ

(B) 2 મીટર / સેકંડ

(C) 1.5 મીટર / સેકંડ

(D) 1 મીટર / સેકંડ

58. એક ટ્રેન 42 કિમી/કલાકની ગતિએ જઈ રહી છે. સતત આ જ ઝડપે એ જાય તો 8.15 કલાકમાં કેટલું અંતર કાપશે?

(A) 343.50 કિમી

(B) 344.50 કિમી

(C) 345.50 કિમી

(D) 346.50 કિમી

59. A, Bના મા છે. B, Cના બ્હેન છે. C, Dના પિતા છે. તો, A, Dના શું થશે?

(A) દાદી

(B) મા

(C) બ્હેન

(D) કાકી

60. A એક કામ 20 દિવસમાં પૂરું કરે છે. B એ જ કામ 30 દિવસમાં પૂરું કરે છે. A અને B સાથે કામ કરે, તો કેટલા દિવસમાં કામ પૂરું થશે?

(A) 10

(B) 15

(C) 12

(D) 18



Adda247

**C**


61.

| | | |
|---|---|---|
| 27→ | 54→ | 108 |
| 33→ | 66→ | ? |

(A) 132
(B) 99
(C) 165
(D) 198

62. એક ચોરસની અંદર વર્તુળ છે. એ વર્તુળમાં એક ત્રિકોણ છે. એ ત્રિકોણમાં એક લંબચોરસ છે. તારણ શું છે?

(A) લંબચોરસ સૌથી મોટું છે.
(B) ચોરસ સૌથી મોટું છે.
(C) ત્રિકોણ સૌથી મોટું છે.
(D) વર્તુળ સૌથી મોટું છે.



63. જો ♦ = 2X, ● = X + 3, અને ■ = $X^2$, તો X = 3 માટે ●નું મૂલ્ય શું થશે?

(A) 03
(B) 06
(C) 09
(D) 12

64. 10×10 ઇંચના એક ચોરસની અંદર 01×01 ઇંચના કેટલાં ચોરસ બને?

(A) 111
(B) 110
(C) 100
(D) 101

65. કઈ રજૂઆત તર્કસંગત નથી?

(A) માણસ મરે છે. સોક્રેટીસ માણસ છે. માટે, સોક્રેટીસ મરશે.
(B) વરસાદ પડે છે. જમીન ભીની થાય છે. આજે વરસાદ પડ્યો છે. માટે, જમીન ભીની થઈ છે.
(C) વ્યક્તિ વાંચે છે. વાંચવાથી બુધ્ધિશાળી થવાય છે. રાજ વાંચે છે. માટે, રાજ બુધ્ધિશાળી છે.
(D) સાપ ઉડતો નથી. માટે એ પંખી નથી. સાપ ઉડતો નથી. માટે, એ મગર છે.

66. ₹ 800 પર 10% ડિસ્કાઉન્ટ મળે તો ચૂકવવા પાત્ર રકમ કેટલી થશે?

(A) ₹ 720
(B) ₹ 790
(C) ₹ 792
(D) ₹ 680

67. એક સંખ્યા બીજી સંખ્યાની 40% છે. જો બીજી સંખ્યા 250 હોય, તો પ્રથમ સંખ્યા કેટલી હશે?

(A) 90
(B) 110
(C) 100
(D) 120

68. 75ના 12% કેટલા થશે?

(A) 10
(B) 09
(C) 08
(D) 06

Adda247 GET IT ON Google Play



69. ₹ 1500ની વસ્તુ ₹ 1350માં વેચાઈ. કેટલા ટકા નુકસાન થયું?
(A) 20%
(B) 15%
(C) 10%
(D) 25%

70. 25%ના નફા પર વેચાયેલી વસ્તુની ખરીદી કિંમત ₹ 400 છે. એની વેચાણ કિંમત કેટલી થાય?
(A) ₹ 500
(B) ₹ 450
(C) ₹ 425
(D) ₹ 520

★ નીચે આપેલ કોષ્ટકને આધારે પ્રશ્ન ક્રમાંક 71 – 75ના ઉત્તરો આપો.
પાંચ પદાર્થોના ચાર વર્ષના વેચાણની માહિતી (રકમ લાખમાં)

| પદાર્થ | 2021 | 2022 | 2023 | 2024 |
|---|---|---|---|---|
| A | 45 | 52 | 63 | 70 |
| B | 60 | 55 | 58 | 62 |
| C | 35 | 48 | 53 | 60 |
| D | 75 | 68 | 70 | 85 |
| E | 40 | 45 | 50 | 55 |

71. દરેક પદાર્થના ચાર વર્ષમાં થયેલ કુલ વેચાણને મૂલ્યની દૃષ્ટિએ ઊતરતા (descending) ક્રમમાં ગોઠવો.
(A) D, B, A, E, C
(B) D, B, E, C, A
(C) D, B, C, A, E
(D) D, B, A, C, E

72. દરેક પદાર્થના ચાર વર્ષમાં થયેલ કુલ વેચાણની સરેરાશ (Average)ને ચઢતા (ascending) ક્રમમાં ગોઠવો.
(A) E, C, A, B, D
(B) E, A, C, B, D
(C) E, C, A, D, B
(D) E, B, D, A, C

73. કયાં બે પદાર્થોના વેચાણમાં દર વર્ષે સતત વધારો થયો નથી?
(A) C-E
(B) A-C
(C) E-A
(D) B-D

74. દરેક વર્ષના કુલ વેચાણની માહિતીને વર્ષ દીઠ ચઢતા (ascending) ક્રમમાં ગોઠવો.
(A) 2024→ 2023→ 2022→2021
(B) 2021→ 2022→ 2023→ 2024
(C) 2022→ 2024→ 2023→2021
(D) 2023→ 2021→ 2024→ 2022

Adda247 GET IT ON Google Play

**C**

75. દર વર્ષે કુલ વાર્ષિક વેચાણમાં કેટલા લાખનો વધારો થતો ગયો?
(A) 38, 13, 26
(B) 13, 38, 26
(C) 13, 26, 38
(D) 26, 38, 13

76. 10 વ્યક્તિઓ એક કામ 08 દિવસમાં પૂરું કરે છે. 06 વ્યક્તિઓને એ જ કામ પૂરું કરવા માટે કેટલા દિવસો જોઈશે?
(A) 13.33
(B) 10.33
(C) 12.33
(D) 15.33

77. 31થી કઈ સંખ્યાને નિ:શેષ ભાગી શકાશે?
(A) 278
(B) 279
(C) 280
(D) 281

78. (2401/49) + (2809/53) =
(A) 99
(B) 100
(C) 101
(D) 102

79. 23થી કઈ સંખ્યાને નિ:શેષ ભાગી શકાશે?
(A) 435
(B) 436
(C) 437
(D) 438

80. 12 અને 18નો લઘુત્તમ સામાન્ય અવયવ (LCM) શું છે?
(A) 24
(B) 36
(C) 48
(D) 54

★ નીચે આપેલ કોષ્ટકને આધારે પ્રશ્ન ક્રમાંક 81 – 85 ના ઉત્તરો આપો.

ફળોના વેચાણની વિગતો (મેટ્રિક ટનમાં, વર્ષ 2023)

| શહેર | કેળા | સફરજન | દ્રાક્ષ | સંતરા |
|---|---|---|---|---|
| અમદાવાદ | 12000 | 5500 | 3000 | 4500 |
| વડોદરા | 8500 | 4000 | 2500 | 3500 |
| રાજકોટ | 7000 | 3200 | 1800 | 3200 |
| સુરત | 11500 | 5000 | 2900 | 4200 |
| ભાવનગર | 6500 | 2700 | 1500 | 2800 |

Adda247 GET IT ON Google Play

C

81. તમામ ફળોના વાર્ષિક વેચાણના જથ્થાને ઊતરતા (descending) ક્રમમાં ગોઠવો.
(A) દ્રાક્ષ, સંતરા, સફરજન, કેળા
(B) સફરજન, કેળા, દ્રાક્ષ, સંતરા
(C) કેળા, સફરજન, સંતરા, દ્રાક્ષ
(D) સંતરા, કેળા, દ્રાક્ષ, સફરજન

82. દરેક શહેરમાં વેચાયેલ તમામ ફળોના વાર્ષિક જથ્થાને આધારે શહેરોને ચઢતા (ascending) ક્રમમાં ગોઠવો.
(A) રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર
(B) ભાવનગર, રાજકોટ, વડોદરા, સુરત, અમદાવાદ
(C) વડોદરા, ભાવનગર, રાજકોટ, અમદાવાદ, સુરત
(D) અમદાવાદ, ભાવનગર, સુરત, રાજકોટ, વડોદરા

83. સમગ્ર વર્ષ દરમિયાન શહેર દીઠ સરેરાશ (Average) કેટલા મેટ્રિક ટન ફળ વેચાયાં?
(A) 17520 (B) 18560
(C) 20640 (D) 19160

84. સમગ્ર વર્ષ દરમિયાન સરેરાશ (Average) કેટલા મેટ્રિક ટન ફળ વેચાયાં?
(A) 23950 (B) 20400
(C) 18200 (D) 11700

85. જો દ્રાક્ષ પચાસ રૂપિયે કિલો હોય તો અમદાવાદમાં કેટલી કિંમતની દ્રાક્ષ વેચાઈ?
(A) 150000 (B) 1500000
(C) 15000000 (D) 150000000

86. $3X + 07 = 22$, તો Xનું મૂલ્ય શું છે?
(A) 04 (B) 05
(C) 06 (D) 07

87. $X^2 + 4X + 4 = 0$. Xનું મૂલ્ય શું છે?
(A) (-6) (B) (-4)
(C) (-3) (D) (-2)

88. $X^2 - 3X - 10 = 0$. Xનું મૂલ્ય શું છે?
(A) X = 5, X = (-2)
(B) X = (-5), X = 2
(C) X = 5, X = 2
(D) X = (-5), X = (-2)

Adda247

GET IT ON Google Play

**C**

89. ગોળાકારની (sphere) સપાટીનું ક્ષેત્રફળ (Area) માપવાનું સૂત્ર શું છે?

(A) $4\pi r$ (B) $2\pi r^2$

(C) $4\pi r^2$ (D) $2\pi r$


90. 3(5+2)-4 = ?

(A) 15 (B) 17

(C) 19 (D) 21

★ નીચે આપેલ આલેખને અનુસરીને પ્રશ્ન ક્રમાંક 91-95ના ઉત્તરો આપો.

**આર્થિક ક્ષેત્રમાં બજેટનું વિસ્તરણ**




91. બજેટની ફાળવણીને ઊતરતા (descending) ક્રમમાં ગોઠવો.

(A) અન્ય, પરિવહન, સુરક્ષા, શિક્ષણ, ખેતી, સ્વાસ્થ્ય, ઉદ્યોગ, સેવાઓ

(B) સેવાઓ, ઉદ્યોગ, સ્વાસ્થ્ય, ખેતી, શિક્ષણ, સુરક્ષા, પરિવહન, અન્ય

(C) ઉદ્યોગ, સેવાઓ, ખેતી, સ્વાસ્થ્ય, સુરક્ષા, શિક્ષણ, અન્ય, પરિવહન

(D) શિક્ષણ, ખેતી, સુરક્ષા, સ્વાસ્થ્ય, પરિવહન, ઉદ્યોગ, અન્ય, સેવાઓ

92. કુલ બજેટની સરેરાશ (Average) ફાળવણી કરવામાં આવે તો દરેક ક્ષેત્રને કેટલા ટકા હિસ્સો મળે?

(A) 10.5% (B) 13.5%

(C) 11.5% (D) 12.5%

Adda247
GET IT ON Google Play



93. અન્ય, શિક્ષણ, સ્વાસ્થ્ય અને સેવાઓના ક્ષેત્રોને મળેલ બજેટનો ગુણોત્તર (Ratio) કેટલો થશે?

(A) 3 : 5 : 2 : 1
(B) 5 : 3 : 1 : 2
(C) 2 : 1 : 5 : 3
(D) 1 : 2 : 3 : 5

94. સુરક્ષા, પરિવહન, ખેતી અને ઉદ્યોગ ક્ષેત્રોના કુલ બજેટને, આ જ ચારે ક્ષેત્રોમાં સરખે ભાગે વહેંચવામાં આવે, તો દરેક ક્ષેત્રને કેટલા ટકા હિસ્સો મળશે?

(A) 13.25 %
(B) 12.25 %
(C) 11.25 %
(D) 10.25%

95. જો સ્વાસ્થ્ય અને પરિવહનમાં ફાળો 5% વધારવામાં આવે અને ઉદ્યોગમાં 3% ઘટાડવામાં આવે, તો વહેંચણી શું થશે?

(A) સ્વાસ્થ્ય 18%, પરિવહન 15%, ઉદ્યોગ 12%
(B) સ્વાસ્થ્ય 15%, પરિવહન 18%, ઉદ્યોગ 20%
(C) સ્વાસ્થ્ય 12%, પરિવહન 20%, ઉદ્યોગ 18%
(D) સ્વાસ્થ્ય 20%, પરિવહન 12%, ઉદ્યોગ 15%

96. ₹ 500ની વસ્તુ ₹ 550માં વેચાય તો નફો કેટલા ટકા થયો?

(A) 12%
(B) 05%
(C) 08%
(D) 10%

97. 250 અને 400નો ગુણોત્તર (Ratio) શું છે?

(A) 4:5
(B) 5:4
(C) 5:8
(D) 8:5

98. જો 3:4 = X:12, તો Xનું મૂલ્ય શું છે?

(A) 10
(B) 09
(C) 12
(D) 08

99. 450 ગ્રામ અને 750 ગ્રામનો ગુણોત્તર (Ratio) શું થશે?

(A) 3:5
(B) 2:3
(C) 5:3
(D) 3:2

100. 29, 57, 66, 78, 89, 97, 117, 123ની સરેરાશ (Average) કેટલી થશે?

(A) 80
(B) 81
(C) 82
(D) 83

Adda247 GET IT ON Google Play

**C**

## Part-B

101. કયા સુધારા અધિનિયમે ભારતીય બંધારણની પ્રસ્તાવનામાં ફેરફારો રજૂ કર્યા?
(A) 42મો સુધારો, 1976
(B) 30મો સુધારો, 1975
(C) 40મો સુધારો, 1976
(D) 44મો સુધારો, 1979

102. જસ્ટિસ કે. એસ. પુટ્ટસ્વામી Vs યુનિયન ઑફ ઇન્ડિયા (ઇ.સ. 2017) કેસના સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ કયા અધિકારને મૂળભૂત અધિકાર તરીકે સ્થાપિત કર્યો છે?
(A) સમાનતા (Equality)
(B) સ્વતંત્રતા (Freedom)
(C) ગોપનીયતા (Privacy)
(D) અભિવ્યક્તિ (Expression)

103. મૂળભૂત અધિકારો ભારતીય બંધારણના કયા ભાગમાં છે?
(A) ભાગ I
(B) ભાગ II
(C) ભાગ III
(D) ભાગ IV

104. ભારતનું બંધારણ તેની અંતિમ સત્તા કોની પાસેથી મેળવે છે?
(A) ભારતની પ્રજા
(B) રાજ્યસભા
(C) રાષ્ટ્રપતિ
(D) લોકસભા

105. ભારતીય બંધારણના આર્ટિકલ 19 હેઠળ મૂળભૂત અધિકારો કોને આપવામાં આવે છે?
(A) વિદેશી નાગરિકોને
(B) ભારતમાં વસી રહેલા સૌને
(C) દ્વિ નાગરિકત્વ ધરાવનારને
(D) ભારતીય નાગરિકોને

106. નીચે પૈકી કયો ગ્રીન હાઉસ વાયુ નથી?
(A) He
(B) $CO_2$
(C) $CH_4$
(D) $N_2O$

107. ભારતમાં 'પ્રૉજેક્ટ ટાઇગર' ક્યારે શરૂ થયો?
(A) 1970
(B) 1971
(C) 1972
(D) 1973

Adda247 GET IT ON Google Play



108. 'એસિડ વરસાદ' માટે કયો ગેસ જવાબદાર છે?

(A) કાર્બન મોનોક્સાઇડ
(B) કાર્બન ડાયોક્સાઇડ
(C) સલ્ફર ડાયોક્સાઇડ
(D) એમોનિયા

109. ભૂકંપનું માપન કયું સાધન કરે છે?

(A) હાઇગ્રોમીટર
(B) સિસ્મોગ્રાફ
(C) એનિમોમીટર
(D) બેરોમીટર

110. આબોહવા પરિવર્તન વિશે કઈ આંતરરાષ્ટ્રીય સંધિ (ઇ.સ. 2015) કરવામાં આવી?

(A) ક્યોટો પ્રોટોકોલ
(B) મોન્ટ્રિયલ પ્રોટોકોલ
(C) રિયો સંમેલન
(D) પેરિસ કરાર

111. ભારતના બંધારણને ઘડવામાં સૌથી મોટો સ્ત્રોત કયો છે?

(A) ભારત સરકાર અધિનિયમ, 1919
(B) ભારત સરકાર અધિનિયમ, 1935
(C) ભારત સ્વતંત્રતા અધિનિયમ, 1947
(D) ભારત સ્વતંત્રતા અધિનિયમ, 1950

112. બંધારણ સભાએ ભારતીય બંધારણ ક્યારે અપનાવ્યું?

(A) 1947
(B) 1948
(C) 1949
(D) 1950

113. બંધારણ સભાએ ભારતનું બંધારણ ઘડવા માટે કેટલી બેઠક કરી?

(A) 11
(B) 10
(C) 12
(D) 13

114. બંધારણ સભાએ ડૉ. બી. આર. આંબેડકરની અધ્યક્ષતામાં મુસદ્દા સમિતિની રચના કઈ તારીખે કરી?

(A) 13 ડિસેમ્બર, 1946
(B) 22 જાન્યુઆરી, 1947
(C) 03 જૂન, 1947
(D) 29 ઓગષ્ટ, 1947

115. ભારતના સંવિધાનમાં મૂળભૂત ફરજો કયા ભાગમાં છે?

(A) ભાગ – II (ગ)
(B) ભાગ – III (ખ)
(C) ભાગ – IV (ક)
(D) ભાગ – V (ઘ)

Adda247 GET IT ON Google Play

**C**

116. ક્રિપ્ટો કરન્સી શું છે?
(A) ઇક્વિટી સ્ટોક
(B) ડિજિટલ ચલણ
(C) નાણાકીય સંસ્થા
(D) ઉપર પૈકી એક પણ નહીં

117. ઇસરો (ISRO) એટલે શું?
(A) ઇન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઇઝેશન
(B) ઇન્ટરનેશનલ સ્પેસ રોબોટિક ઓર્ગેનાઈઝેશન
(C) ઇન્ડિયન સાયન્સ એન્ડ રીસર્ચ ઓબ્ઝર્વેટરી
(D) ઇન્ટરનેશનલ સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન

118. 01 નેનોમીટર એટલે ________
(A) $1\times10^{-6}$m
(B) $1\times10^{-7}$m
(C) $1\times10^{-8}$m
(D) $1\times10^{-9}$m

119. ડી.એન.એ. એટલે શું?
(A) ડીરીબોન્યુક્લિકઓક્સિ એસિડ
(B) ડીઓક્સિરીબોન્યુક્લિક એસિડ
(C) ડીક્લિકઓક્સિરીબોન્યુ એસિડ
(D) ડીબોન્યુઓક્સિરીક્લિક એસિડ

120. આઇ. એમ. એફ. શું કાર્ય કરે છે?
(A) દેશોને આર્થિક સહાય પૂરી પાડવી
(B) વાતાવરણમાં પ્રદૂષણ નિયંત્રિત કરવું
(C) વૈશ્વિક જનસંખ્યાનું નિયંત્રણ કરવું
(D) દેશોને સૈનિકબળ પૂરું પાડવું

121. ભારતીય બંધારણમાં કેટલી મૂળભૂત ફરજો દર્શાવવામાં આવી છે?
(A) 09
(B) 11
(C) 05
(D) 25

122. શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009 મુજબ કઇ ઉંમરના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મળવું જોઇએ?
(A) 06-14 વર્ષ
(B) 05-15 વર્ષ
(C) 06-15 વર્ષ
(D) 05-14 વર્ષ

Adda247 GET IT ON Google Play



123. ભારતીય બંધારણમાં પુરુષો અને સ્ત્રીઓ બંને માટે સમાન કામ માટે સમાન વેતન વિશે ક્યાં ઉલ્લેખ મળે છે?

(A) મૂળભૂત અધિકારો

(B) રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો

(C) મૂળભૂત ફરજો

(D) આર્થિક અધિકારો

124. લોકસભાની ચૂંટણી લડવા માટે ઉમેદવારની લઘુત્તમ ઉંમર કેટલી હોવી જોઈએ?

(A) 18 (B) 21

(C) 25 (D) 20

125. કયું વિધેયક લોકસભા અને રાજ્યસભા દ્વારા વિશેષ બહુમતીથી પસાર થવું જોઈએ?

(A) ઓર્ડિનરી (B) મની

(C) ફાઇનાન્સ (D) કોન્સ્ટીટ્યુશનલ એમેન્ડમેન્ટ

126. ગુજરાતે વસંત પંચમી ક્યારે ઉજવી?

(A) ફેબ્રુઆરી 1, 2025

(B) ફેબ્રુઆરી 5, 2025

(C) ફેબ્રુઆરી 2, 2025

(D) ફેબ્રુઆરી 4, 2025

127. કયા મહાનુભવ વર્ષ 2024માં વડોદરા આવ્યા હતા?

(A) ડોનાલ્ડ ટ્રમ્પ, રાષ્ટ્રપતિ, યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા

(B) શી જિનપિંગ, રાષ્ટ્રપતિ, ચીન

(C) શિગેરુ ઇશિબા, વડાપ્રધાન, જાપાન

(D) પેડ્રો સાન્ચેઝ, વડાપ્રધાન, સ્પેન

128. ઓઝોન સ્તર શું કરે છે?

(A) વરસાદ લાવે

(B) સૂર્યકિરણોને શોષી લે

(C) હાઇડ્રોજન પૂરો પાડે

(D) સમુદ્રનું સ્તર નિયંત્રિત કરે



Adda247

Adda247 GET IT ON Google Play

**C**

129. 'માનવીની ભવાઈ' નવલકથા કોણે લખી?
(A) હરિકિશન મહેતા
(B) ચંદ્રકાન્ત બક્ષી
(C) પન્નાલાલ પટેલ
(D) કનૈયાલાલ મુનશી

130. SEBI (સેબી) એટલે શું?
(A) સિક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા
(B) સિસ્ટમેટીક એન્ડ એક્સપોર્ટ્સ બોર્ડ ઑફ ઇન્ડિયા
(C) સ્ટૉક એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા
(D) શૅઅર એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા

131. કેશવાનંદ ભારતી Vs સ્ટેટ ઑફ કેરાલા (ઇ.સ. 1973) કેસમાં ભારતની સુપ્રિમ કોર્ટે કયો ઐતિહાસિક ચુકાદો આપ્યો?
(A) સંસદ ભારતના બંધારણની મૂળ સંરચનાને બદલી શકશે.
(B) સંસદ ભારતના બંધારણની મૂળ સંરચનાને બદલી શકશે નહીં.
(C) સંસદ ભારતના બંધારણની મૂળ સંરચના રાષ્ટ્રપતિની સંમતિથી બદલી શકશે.
(D) સંસદ ભારતના બંધારણની મૂળ સંરચના સંસદમાં બહુમતિના જોરે બદલી શકશે.

132. બંધારણનું અર્થઘટન કરવાની અંતિમ સત્તા કોની પાસે છે?
(A) રાષ્ટ્રપતિ
(B) સંસદ
(C) લોકસભા
(D) સુપ્રિમ કોર્ટ

133. ભારતમાં પંચાયતી રાજ વ્યવસ્થાની ભલામણ (ઇ.સ. 1957) કઈ સમિતિએ કરી?
(A) બળવંતરાય મહેતા
(B) અશોક મહેતા
(C) જીવરાજ મહેતા
(D) તૈયબ મહેતા

134. બંધારણના (ભાગ – XVII)માં શેનો ઉલ્લેખ થયો છે?
(A) સેવાઓ
(B) રાજભાષા
(C) ચૂંટણીઓ
(D) નગરપાલિકાઓ

135. બંધારણમાં સુધારો કરવાની કાર્યરીતિ બંધારણના કયા આર્ટિકલમાં જોવા મળે છે?
(A) આર્ટિકલ 367
(B) આર્ટિકલ 368
(C) આર્ટિકલ 369
(D) આર્ટિકલ 366

Adda247 GET IT ON Google Play

C

136. 'ચીપકો આંદોલન' કોની જાળવણી માટે થયું?

(A) વૃક્ષ
(B) પર્વત
(C) નદી
(D) સમુદ્ર

137. 'લાલ ગ્રહ' કયો છે?

(A) પૃથ્વી
(B) શુક્ર
(C) મંગળ
(D) શનિ

138. માનવ શરીરનું સૌથી મોટું અંગ કયું છે?

(A) હૃદય
(B) ત્વચા
(C) યકૃત
(D) મગજ

139. કયું તત્ત્વ સૂર્યમાં સૌથી વધુ માત્રામાં છે?

(A) ઓક્સિજન
(B) કાર્બન
(C) નાઇટ્રોજન
(D) હાઇડ્રોજન

140. પ્રકાશની પ્રતિ સેકંડ ઝડપ કેટલી છે?

(A) 299, 792, 459 m/s
(B) 299, 792, 458 m/s
(C) 300, 792, 459 m/s
(D) 300, 792, 458 m/s

141. સી.આર.પી.એફ. એટલે શું?

(A) કમિટી રિઝર્વ પોલીસ ફોર્સ
(B) સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ
(C) કમાન્ડો રાષ્ટ્રીય પોલીસ ફોર્સ
(D) કમિટી રાષ્ટ્રીય પોલીસ ફોર્સ

142. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ક્યારે અમલમાં આવી?

(A) 01 જુલાઈ, 2024
(B) 01 ઑગષ્ટ, 2024
(C) 01 સપ્ટેમ્બર, 2024
(D) 01 ઑક્ટોબર, 2024

143. બી.એન.એસ.એસ. મુજબ નાગરિક ઇ-એફ.આઇ.આર. (e-FIR) કરે છે. પોલીસ સ્ટેશને જઇને એ ફરિયાદમાં સહી કરવા માટે એમની પાસે વધુમાં વધુ કેટલા દિવસો હોય છે?

(A) 07
(B) 05
(C) 03
(D) 10

Adda247 GET IT ON Google Play

C

144. રાજ્યમાં પોલીસના વડા કોણ હોય છે?
(A) કમિશ્નર ઑફ પોલીસ
(B) એડિશ્નલ ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ
(C) એડિશ્નલ ડાયરેક્ટ જનરલ ઑફ પોલીસ
(D) ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસ

145. એફ.આઇ.આર. એટલે શું?
(A) ફર્સ્ટ ઇન્વેસ્ટીગેટિંગ રેકોર્ડ
(B) ફર્સ્ટ ઇન્ફોર્મેશન રિપોર્ટ
(C) ફર્સ્ટ ઇન્કવાયરી રિપોર્ટ
(D) ફર્સ્ટ ઇન્ફોર્મેશન રેકોર્ડ

146. ભારતમાં GST ક્યારે અમલમાં આવ્યો?
(A) 1 જુલાઇ, 2016
(B) 15 ઑગસ્ટ, 2018
(C) 2 ઑક્ટોબર, 2019
(D) 1 જુલાઇ, 2017

147. ભારતના જી.ડી.પી.માં સૌથી વધુ યોગદાન કયાં કાર્યક્ષેત્રનું છે?
(A) કૃષિ
(B) સેવા
(C) ઉદ્યોગ
(D) ખનિજ

148. દીનદયાલ બંદરનું જૂનું નામ કયું છે?
(A) કંડલા બંદર
(B) પોરબંદર બંદર
(C) ઓખા બંદર
(D) મુંદ્રા બંદર

149. કૃષિ સંશોધન માટે જાણીતી ભારતીય સંસ્થા આઇ.સી.એ.આર.નું પૂરું નામ શું છે?
(A) ઇન્ટરનેશનલ કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચરલ રીસોર્સ
(B) ઇન્ડિયન કમિટી ફોર એગ્રીકલ્ચરલ રીસર્ચ
(C) ઇન્ડિયન સેન્ટર ઑફ એગ્રીકલ્ચરલ રીસર્ચ
(D) ઇન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રીકલ્ચરલ રીસર્ચ

150. ગુજરાતની સૌથી મોટી જી.આઇ.ડી.સી. ક્યાં છે?
(A) રાજકોટ
(B) આણંદ
(C) સાણંદ
(D) નડિયાદ

151. ભારતની પ્રાચીન સંસ્કૃતિને ઇતિહાસમાં કયા નામથી ઓળખવામાં આવે છે?
(A) બ્રહ્મપુત્રા
(B) નર્મદા
(C) સિંધુ
(D) ગંગા

152. પ્લાસીની લડાઈ (ઇ.સ. 1757) દરમિયાન અંગ્રેજોના નેતા કોણ હતા?
(A) વોર્ક વોર્નિસ
(B) રોબર્ટ ક્લાઈવ
(C) વિલિયમ બેન્ટિક
(D) વેલેસલી

Adda247 GET IT ON Google Play

C

153. 'અષ્ટાધ્યાયી' સંસ્કૃત વ્યાકરણ ગ્રંથના લેખક કોણ છે?
(A) કુંતક
(B) આનંદવર્ધન
(C) હેમચંદ્રાચાર્ય
(D) પાણિનિ

154. ભારતીય સાહિત્યનો પ્રારંભ શેનાથી થયો?
(A) વેદ
(B) ઉપનિષદ
(C) પુરાણ
(D) મહાકાવ્ય

155. ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની પ્રેરણા કોણે આપી?
(A) અંબાલાલ દેસાઈ
(B) અરવિંદ ઘોષ
(C) સરદારસિંહ રાણા
(D) બેચરદાસ પંડિત

156. રોજર ફેડરર શું રમતા?
(A) ક્રિકેટ
(B) ગોલ્ફ
(C) ટેનિસ
(D) બેડમિન્ટન

157. કઈ રમત માટે ફિફા વર્લ્ડ કપ છે?
(A) વોલીબોલ
(B) ટેનિસ
(C) હોકી
(D) ફૂટબોલ

158. 'મહાત્મા મંદિર, કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર' ક્યાં આવેલું છે?
(A) અમદાવાદ
(B) ગાંધીનગર
(C) રાજકોટ
(D) ભાવનગર

159. 'ધ ડિજિટલ માર્કેટ્સ એક્ટ' કોની સાથે સંકળાયેલ છે?
(A) યુરોપિયન યુનિયન (EU)
(B) વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)
(C) ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)
(D) વિશ્વ બેંક

160. 'મધુબની' કલા ક્યાંની છે?
(A) મધ્યપ્રદેશ
(B) રાજસ્થાન
(C) બિહાર
(D) તમિલનાડુ

161. "જય જય ગરવી ગુજરાત..." કાવ્ય કોણે લખ્યું છે?
(A) નર્મદ
(B) દલપતરામ
(C) દયારામ
(D) નવલરામ

Adda247 GET IT ON Google Play

C

162. બ્રિટિશરોએ ભારતમાં 'રોલેટ કાયદો' (Rowlatt Act) ક્યારે પાસ કર્યો?

(A) 1916
(B) 1917
(C) 1918
(D) 1919

163. બારડોલી સત્યાગ્રહ ક્યારે શરૂ થયો?

(A) ઇ.સ. 1919
(B) ઇ.સ. 1928
(C) ઇ. સ. 1930
(D) ઇ. સ. 1942

164. 'સ્વપ્નવાસવદત્તા' નાટકના લેખક કોણ છે?

(A) ભરત મુનિ
(B) કવિ ભાસ
(C) કાલિદાસ
(D) મમ્મટ

165. ક્ષેત્રફળની દૃષ્ટિએ ભારતનું સૌથી મોટું રાજ્ય કયું છે?

(A) મધ્યપ્રદેશ
(B) ઉત્તરપ્રદેશ
(C) મહારાષ્ટ્ર
(D) રાજસ્થાન

166. કઈ કૃતિને ઇ.સ. 2024નું બુકર પ્રાઇઝ મળ્યું?

(A) ધ અર્થ ફ્રોમ એબોવ
(B) સ્પેસ બાઉન્ડ
(C) ઓર્બિટલ
(D) ધ સ્કાયઝ એજ

167. કોને વર્ષ 2025નો પદ્મશ્રી પુરસ્કાર મળેલ નથી?

(A) શ્રી પંકજ શાહ
(B) શ્રી તુષાર શુક્લ
(C) શ્રી રતન પારિમૂ
(D) શ્રી વિનાયક લોહાની

Adda247

Adda247
GET IT ON Google Play

C

168. સંયુક્ત રાષ્ટ્રના વર્તમાન મહાસચિવ કોણ છે?

(A) યુ થાન્ટ
(B) કોફી અન્નાન
(C) બાન કી મૂન
(D) એન્ટોનિયો ગુટેરેસ

169. 2024 ફોર્બ્સની સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં કયા મહિલા પ્રથમ ક્રમે છે?

(A) કમલા હેરિસ
(B) ટેલર સ્વિફ્ટ
(C) ઊર્સુલા વોન ડેર લેયેન
(D) મેલિંડા ગેટ્સ

170. પેરિસ 2024 ઓલિમ્પિક્સમાં કયા ભારતીય ખેલાડીને મેડલ મળ્યો નથી?

(A) મનુ ભાકર
(B) લક્ષ્ય સેન
(C) સરબજોત સિંગ
(D) સ્વપનિલ કુસાલે

171. કયું રાજ્ય 'મસાલાઓની ભૂમિ' તરીકે ઓળખાય છે?

(A) તામિલનાડુ
(B) કેરળ
(C) કર્ણાટક
(D) મહારાષ્ટ્ર

172. ગુજરાતનું સૌથી ઊંચું શિખર કયું છે?

(A) ગિરનાર
(B) પાવાગઢ
(C) શત્રુંજય
(D) અરવલ્લી

173. કયો દિવસ 'વિશ્વ મહાસાગરો દિવસ' તરીકે ઉજવાય છે?

(A) એપ્રિલ 08
(B) મે 08
(C) જૂન 08
(D) જુલાઈ 08

174. ગુજરાતી ભાષા કયાં જૂથની ભાષા છે?

(A) ભારત-યુરોપીય
(B) દ્રવિડ
(C) ઑસ્ટ્રોએશિયાટિક
(D) ઑસ્ટ્રોનેશિયન

175. નીચે પૈકી કયો વાક્યનો પ્રકાર નથી?

(A) સાદું
(B) સંયુક્ત
(C) વિભક્ત
(D) સંકુલ

Adda247 GET IT ON Google Play

**C**

176. મોનાલિસાના ચિત્રકાર કોણ છે?
(A) પાબ્લો પિકાસો
(B) લિયોનાર્ડો દ વિંચી
(C) વાન ગોફ
(D) રાફેલ

177. કયા ક્ષેત્રમાં 'દાદાસાહેબ ફાળકે' પુરસ્કાર અપાય છે?
(A) ક્રિકેટ
(B) સાહિત્ય
(C) ફિલ્મ
(D) વિજ્ઞાન

178. કઈ 'યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ' નથી?
(A) ગેટ વે ઑફ ઇન્ડિયા
(B) સુંદરવન
(C) ફતેપુર સીક્રી
(D) આગ્રા કિલ્લો

179. 'વિશ્વ પર્યાવરણ દિવસ' કયો છે?
(A) 5 મે
(B) 15 જુલાઇ
(C) 22 એપ્રિલ
(D) 5 જૂન

180. 7 એપ્રિલ 'વિશ્વ આરોગ્ય દિવસ' તરીકે શા માટે ઉજવાય છે?
(A) 'હુ'નો (WHO) સ્થાપના દિવસ
(B) વિશ્વ પોલિયોથી મુક્ત થયું
(C) એચ.આઇ.વી. (HIV) વાઇરસની શોધ થઇ
(D) એન્ટી મેલેરિયા રસીની શોધ થઇ

181. તાપી નદી પર કઇ યોજના થયેલ નથી?
(A) ઉકાઇ
(B) ધરોઇ
(C) કાકરાપાર
(D) ઉપર પૈકી એક પણ નહીં

182. 'પીઠોરા' એટલે શું?
(A) લોકનૃત્ય
(B) ઉત્સવ
(C) ભોજન
(D) ભીંતચિત્ર

Adda247 GET IT ON Google Play

C

183. કોણાર્કનું સૂર્યમંદિર કયાં રાજ્યમાં આવેલું છે?
(A) તામિલનાડુ
(B) મધ્યપ્રદેશ
(C) ઓડિશા
(D) ઉત્તરપ્રદેશ

184. ભારતમાં 'હેમિસ રાષ્ટ્રીય ઉદ્યાન' ક્યાં આવેલું છે?
(A) આસામ
(B) સિક્કિમ
(C) લદ્દાખ
(D) અરુણાચલ પ્રદેશ

185. 'રાષ્ટ્રીય શાયર' કોણ છે?
(A) ઝવેરચંદ મેઘાણી
(B) સુંદરમ્
(C) ઉમાશંકર જોશી
(D) રાજેન્દ્ર શાહ

186. વિમાન કયા સિદ્ધાંત મુજબ ઊડે છે?
(A) પાસ્કલ
(B) ચોમ્સ્કી
(C) બર્નોલી
(D) આર્કિમિડિઝ

187. પ્રથમ કમ્પ્યૂટરની શોધ કોણે કરી?
(A) ચાર્લ્સ બેબેજ
(B) પેટી મેકહ્યુ
(C) ઇચિરો એન્ડો
(D) બ્લેઝ પાસ્કલ

188. કમ્પ્યુટરની ભાષામાં RAM (રૅમ) એટલે શું?
(A) રીડ ઓન્લી એક્સેસ મેમોરી
(B) રેન્ડમ એક્સેસ મેમોરી
(C) રેપીડ એક્સેસ મેમોરી
(D) રિર્ઝવ્ડ એક્સેસ મેમોરી

189. એ.આઇ. એટલે શું?
(A) એડવાન્સ્ડ ઇન્ટેલિજન્સ
(B) ઓટોમેટેડ ઇન્ફર્મેશન
(C) આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ
(D) આર્ટિફિશિયલ ઇન્ફર્મેશન

Adda247 GET IT ON Google Play

**C**

190. રોબૉટિક્સમાં કઈ ટેકનોલૉજીનો ઉપયોગ કરવામાં આવે છે?
(A) મશીન લર્નિંગ
(B) વાયરલેસ ટેકનોલૉજી
(C) કૃત્રિમ બુધ્ધિ
(D) ઉપરોક્ત તમામ

191. કયું સાંસ્કૃતિક નૃત્ય મુખ્યત્વે ઉત્તર ભારત સાથે જોડાયેલું છે?
(A) કૂચીપૂડી
(B) ભરતનાટ્યમ
(C) મોહિનીઅટ્ટમ
(D) કથક

192. મહાબલીપુરમમાં આવેલાં મંદિરો કયાં નામથી ઓળખાય છે?
(A) ચક્ર-મંદિરો
(B) રથ-મંદિરો
(C) દ્વાર-મંદિરો
(D) છત્ર-મંદિરો

193. યુનેસ્કોનું (UNESCO) પૂરું નામ શું છે?
(A) યુનાઇટેડ નેશનલ એજ્યુકેશનલ, સિસ્ટમેટિક ઍન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન
(B) યુનાઇટેડ નેશન્સ એકેડેમિક, સાયન્ટિફિક ઍન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન
(C) યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક ઍન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન
(D) યુનાઇટેડ નેશનલ એજ્યુકેશન્લ, સાયન્ટિફિક ઍન્ડ ક્લાસિક ઓર્ગેનાઇઝેશન

194. કયા ગુજરાતી કવિને જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો નથી?
(A) ઉમાશંકર જોશી
(B) પન્નાલાલ પટેલ
(C) રાજેન્દ્ર શાહ
(D) સુંદરમ્

195. ગુજરાતમાં નવી રંગભૂમિની શરૂઆત કોણે કરી?
(A) ચં. ચી. મહેતા
(B) ચં. ચી. દેસાઈ
(C) ચં. ચી. ત્રિપાઠી
(D) ચં. ચી. પાઠક

196. શ્રેષ્ઠ ફિલ્મ માટેનો ફિલ્મફેર એવૉર્ડ (2024) કોને મળ્યો?
(A) પઠાણ
(B) જવાન
(C) એનિમલ
(D) 12th ફેઇલ

Adda247
GET IT ON Google Play



197. G20 સમિટ ભારતમાં ક્યારે યોજાઈ?
(A) ઇ.સ. 2020
(B) ઇ.સ. 2021
(C) ઇ.સ. 2022
(D) ઇ.સ. 2023

198. કેનેડામાં 'ઇન્ડિયા બિલ પે' ઑનલાઇન સેવા કોણે શરૂ કરી?
(A) ગુગલ
(B) વાઇઝ
(C) બીકન
(D) રેઝરપે

199. ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે કયા મહાનુભાવે સેવા આપી નથી?
(A) શ્રી જગદીપ ધનખડ
(B) શ્રી ઘનશ્યામ તિવારી
(C) શ્રી કે. આર. નારાયણન
(D) શ્રી વૈંકયા નાયડુ

200. ભારતનો અક્ષાંસ અને રેખાંશ કેટલો છે?
(A) 20.5935° N, 78.9625° E
(B) 20.5937° N, 78.9629° E
(C) 20.5940° N, 78.9632° E
(D) 20.5942° N, 78.9634° E

Adda247